# 'સ્પેસ'

- પ્રવીણ શાસ્ત્રી
૯૭૩-૪૭૧-૨૫૦૬

બોર્ડવોકની બેન્ચ પર બેસીને સુલુબ્હેન શીંગ ખાતા, થોડું પારેવડાઓને ખવડાવતા વિચારમગ્ન થઇ ગયા. સેંકડો માનવીની હાજરી અને અવરજવર એમને સ્પર્શતી નહોતી. આવતીકાલે રવિવારે શ્રીકાંત અને શ્રદ્ધા આવશે ત્યારે શું નિર્ણય જણાવીશ....

વિચારાધારાએ ભૂતકાળમાં ઊંડી ડુબકી મારી.

સુલુબ્હેન એટલે સુલોચના શાહ. એક જાજરમાન વ્યકિતત્વ. લગભગ વર્ષ પહેલા જ છાંસઠ વર્ષની ઉંમરે જાણીતી 'લૉ ફાર્મ'માંથી રિટાયર્ટ થયા.

સુલુબ્હેન ત્રેવીસ વર્ષની ઉંમરે લગ્ન કરીને અમેરિકા આવ્યા હતા. પ્રેમાળ પતિ શૈલેષકુમાર ફાર્માસ્યુટીકલ કંપનીમાં કેમિકલ એન્જીનીયર હતા. સુંદર નાના એપાર્ટમેન્ટમાં સુવર્ણકાળ હિલોળા લેતો હતો. સુખદ દામ્પત્યના પરિપાકરૂપે કાલાઘેલા શ્રીકાંતનો જન્મ થયો. સુલુબ્હેને પ્રભુનો પાડ માન્યો. 'હે પ્રભુ! હું ખૂબજ સુખી છું મને આનાથી વધું કંઇજ અપેક્ષા નથી. મારા પરિવારનું કલ્યાણ કરો.' પણ...

એક રાત્રે 'બર્ફિલા હાઈવે પર, મલ્ટીકાર એકસીડન્ટમાં શૈલેષે જીવન સંકેલી લીધું. સુલુબ્હેનનું સૌભાગ્ય સિંદૂર ભુંસાઇ ગયું. આંગળીને વેઢે ગણાય એટલા મિત્રો સિવાય અમેરિકામાં બીજું કોઈ હતું નહીં. મિત્રો હૂંફ, હિંમત અને હવે શું ની સલાહ આપતા. જુદા જુદા વિકલ્પો વહેતા થયા.'

'ભાભી,ઈન્ડિયા પાછા જાવ.'

'બ્હેન, કોઈક યોગ્ય પાત્ર મળે તો પુનર્લગ્ન માટે વિચારો. આ યુવાન ઉંમરે એકલા રહેવું સારું નથી.'

પણ સુલુબ્હેનને એકપણ સલાહ માન્ય નહોતી.

શૈલેષનો એક મિત્ર રાજીવ લોયર હતો. એની સલાહથી લાઈફ ઈન્સ્યુરન્સની આવેલી રકમનું મન્થલી ઈન્કમ પ્લાનમાં રોકાણ કર્યુ. રાજીવે એના અમેરિકન મિત્રની લો ફર્મમાં ફાઈલ કલાર્ક તરીકે નોકરી પણ અપાવી દીધી. આત્મવિશ્વાસ અને મનોબળથી જીવન પ્રવાહને વહેતો રાખ્યો. શ્રીકાંતનો ઉછેર અને ભવિષ્ય એજ સુલુબ્હેનનું ધ્યેય હતું.

સમય સરકતો ગયો. શ્રીકાંત મોટો થતો ગયો. સુલુબ્હેન માં અને બાપની બેવડી જવાબદારી નિભાવતા ગયા. શ્રીકાંત અભ્યાસમાં તેજસ્વી, સ્વભાવે પ્રેમાળ અને લાગણીશીલ હતો. મમ્મીને દુઃખ થાય એવું કશું કરતો નહીં. ઘરમાંથી બહાર જતા કે ઘરમાં આવતા મમ્મીના ચરણસ્પર્શ અચુક કરતો. ગમે તેટલી પ્રવૃત્તિ હોય પણ સાંજનું ડિનર મા-દિકરો સાથેજ લેતા.

સુલુબ્હેને મોકળાશ મળતા પેરાલીગલ કોર્સ કર્યો. લો ફર્મમાં પણ પ્રમોશન મળ્યું. કુશળ વકિલો પણ માન આપતા અને જરૂર પડયે સલાહ માંગતા અચકાતા નહીં. શાંત અને પ્રભાવશાળી વ્યકિત્વ હોવા છતાં એ સલાહ નહીં પણ અભિપ્રાય વ્યકત કરતા.

હવે સુલુબ્હેનને આર્થિક ચિંતા ન હતી. શ્રીકાંત પણ કોમ્પ્યુટર એન્જીનીયર થઇ ગયો. જાણીતી આઇ.ટી. કંપનીમાં સારા પગારની જોબ પણ મળી ગઇ. નાનું ઘર પણ લઇ લીધું હતું.

એક રવિવાર શ્રીકાંત એની મિત્ર શ્રદ્ધાને લઇ આવ્યો. એનો પરિચય આપ્યો.

મમ્મી, આ શ્રદ્ધા. અમદાવાદની છે. વૈષ્ણવ છે. એચ-૧ વીઝા પર મારી કંપનીમાં જ કામ કરે છે.

શ્રદ્ધાએ વાંકાવળી, સુલુબ્હેનના ચરણ સ્પર્શ કર્યા. બધાએ સાથે ડિનર લીધું. શ્રદ્ધાએ જાતેજ બધી ડીશ પણ સાફ કરી નાંખી. સુલુબ્હેનનું વહાલ વહેતું થયું. શ્રદ્ધાનું ઘરમાં આવવાનું વધવા લાગ્યું. સુલુબ્હેનને પણ ગમતું. શ્રીકાંત અને શ્રદ્ધાનું સાનિધ્ય વધતું ગયું.

એક દિવસ.

મમ્મી આજે સાંજે શ્રદ્ધા સાથે બહાર ડિનર માટે જવું છે. તમો આવશો? સુલુબ્હેને મનોભાવ વાંચ્યા. આ માત્ર ઔપચારિક પ્રશ્ન જ હતો. સુલુબ્હેને જવાબ વાળ્યો, 'તમે બંને આનંદથી જાવ, મારી ઈચ્છા નથી. આજે સુલુબ્હેને એકલા જ વાળુ પતાવ્યું. જરા અવળું તો લાગ્યું.'

અવાર નવાર આવું બનતા ધીમે ધીમે ટેવાઇ ગયા.

થોડાસમય બાદ એક દિવસ.

શ્રીકાંતે વાત છેડી. 'મમ્મી, હવેથી શ્રદ્ધા તમને આન્ટીને બદલે મમ્મી કહેશે. વી આર એન્ગેજડ'

સુલુબ્હેનનું મન-હૃદય ખળભળી ઊઠ્યું. એને ગમતીજ વાત હતી પણ જે રીતે બની તે સ્વીકારવું અસહ્ય બન્યું. એમને પણ શ્રદ્ધા ગમતી હતી. એ પણ ઈચ્છતા હતા કે શ્રદ્ધા ઘરની વહુ થઈને આવે.

એમના મનમાં ઉમંગ હતો કે સારો દિવસ જોઇને, પૂજાવિધિ અને નાની પાર્ટી સાથે વિવાહનો પ્રસંગ ઉજવાય. એ હરખ મનમાં ને મનમાં રહ્યો. ભારે હૈયે આશિર્વાદ આપ્યા. લગ્ન પ્રસંગ પણ શ્રદ્ધા અને શ્રીકાંતની મરજી મુજબ જ પાર પડયો.

થોડાજ સમયમાં સુજનનો જન્મ થયો. સુલુબ્હેને ઘરની અને સુજનની જવાબદારી સ્વિકારી લીધી. સુજન હસતો-રમતો અને દોડતો થયો. સ્કૂલે જતો થયો. દેખીતી રીતે બધુંજ સુખ હતું. છતાંયે કંઇક ખૂટતું હતું. કંઇકની વ્યાખ્યા મળતી નહોતી. ઘરમાં ચાર વ્યકિત હોવા છતાં અસહ્ય શાંતી લાગતી હતી. બધા આખો દિવસ બહારપ્રવૃત્તિશીલ હતા. સાંજના ત્રણ ચાર કલાક હસતા રમતા ગાળવાની ઈચ્છા રહેતી પણ કોઇ અગમ્ય કારણથી એ થઇ શક્યું નહોતું. ન લડાઈ, ન ઝઘડા, ન વાદવિવાદ, કશું જ નહીં, પરસ્પરનો ખૂબ મર્યાદિત વાણી વિનિમય.

અનાયાસે એક રાત્રે ઊંલુબેનેને કંઇક સંભળાયું. 'શ્રીકાંત મને હવે ગુંગળામણ થાય છે. તારી માતૃભકિત હદ બહારની છે. બધે સાથે જવાનું! મમ્મીની સાથે જ વેકેશન લેવાનું! આ તો હદ થઇ ગઈ. લેટસ કેન્સલ અવર ક્રુઝ, આઇ વોન્ટ એન્જોય!'

'પણ શ્રદ્ધા સુજનને બા વગર ચાલતું નથી. એટલેજ મમ્મીને સાથે લઈ જઇએ છીએ.'

'નો, આઈ એમ સોરી. આઈ કાન્ટ ગો.' મમ્મીને કારણેજ સુજન આપણી સાથે રહી શકતો નથી. આઇ નીડ સમ સ્પેશ, આઇ નીડ સમ પ્રાઈવસી.

થોડીક શાંતિ પછી, એક ડુસકાનો અવાજ અને શાંતી.

સુલુબ્હેન આખી રાત પડખાં ફેરવતા રહ્યા. પ્રેમ અને લાગણી પણ એક બંધન બની જાય છે. પરણીને આવેલી છોકરીને મુકત જીવન જીવવાની મોકળાશ જોઈએ છે. વણ બોલાયેલી અપેક્ષાઓ અજંપો ઉભો કરે છે.

તેજીને ટકોરો, શ્રદ્ધા તો મને પણ વ્હાલી છે. એની માનસિક જરૂરિયાતો હું સમજી શકું છું. દિકરાના સુખ માટે મોકળાશ કરી આપવાની જરૂર છે. નિર્ણય લેવાઇ ગયો.

વહેલી સવારે બ્રેકફાસ્ટ વખતે સુલુબ્હેને કહ્યું, 'આજે ડિનર માટે મારી રાહ ન જોતા. મને આવતાં કદાચ મોડું થશે.'

શ્રદ્ધાએ કહ્યું, 'કાલનું થોડું વધ્યું છે. જો ન ફાવે તો તઉારે માટે કંઇક બીજું બનાવી દઉં, અમે આજે બહાર ડિનર લેવાના છીએ.'

'ના, જે હશે તે ચાલશે.'

ઓફિસ છૂટયા પછી સુલુબ્હેને નજીક આવેલા કોન્ડોમિનિયમમાં તપાસ કરવા ગયા. એક સગવડવાળો સ્ટુડિયો એપાર્ટમેન્ટ ખાલી હતો. સુલુબેને ડિપોઝીટ આપી દીધી. ઘેર આવી ઘરના દેવમંદિરે દીવો પ્રગટાવી, લીધેલા નિર્ણયથી દિકરાના પરિવારની સુખશાંતિ માટે પ્રાર્થના કરી.

બીજી સવારે, રવિવારના દિવસે બ્રેકફાસ્ટ વખતે સુલુબ્હેને વાત છેડી, હમણાં ઓફિસમાં ખૂબજ કામ રહે છે. રોજનું ૪૦-૫૦ માઇલનું ડ્રાઈવિંગ પણ અઘરું પડે છે. વીન્ટરમાં તો પપ્પાનો વિચાર આવતા, ડ્રાઈવિંગ કોન્ફીડન્સ પણ ઓછો થઈ જાય છે. મારી ઈચ્છા ઓફિસથી નજીક નગરપીટ ગાર્ડન કોનડોમાં જવાની છે. વોકિંગ ડિસ્ટન્સ જેટલો સમય લાગશે. ગેસ બચશે અને થોડી કસરત

તાજા મઠીઆ ફક્ત **$4.99 per KG(2.2Lb)** મેળવવા લોગ ઓન કરો: **www.gujaratbazar.com**

મળી રહે. વીકેન્ડમાં મળતા રહીશું.

શ્રીકાંત કંઇ બોલે તે પહેલા શ્રદ્ધાએ કહ્યું, 'મમ્મી, તમારા વગર અમને નહીં ગમે. સુજન પણ....પણતમારી વાત તદ્દન સાચી છે. આવા ટ્રાફિકમાં ડ્રાઇવ કરવાનું સલામત તો નથીજ. તમે જે કાંઇ કરશો તે વ્યાજબી અને વ્યાવહારિક જ હશે.'

એપ્રુવ્લનો સિક્કો મરાઇ ગયો.

અરે હા, મારે ક્રુઝનો પ્લાન પણ કેન્સલ કરવો પડશે. ઓફિસમાંથી નીકળી શકાય તેમ જ નથી.

............. અને સુલુબ્હેને ભારે હૈયે, છતાંયે હસતે ચહેરે એકના એક દિકરાથી જુદા પડયા.

વસતી વગરનો એપાર્ટમેન્ટ સૂનો સૂનો લાગતો હતો. બા...બા...કરીને વળગતો સુજન દૂર હતો. ઘેર આવી એકલા ડિનર લેવાનું ઘણું કઠતું હતું. કયારેક મનમાં થતું શ્રીકાંત આવીને કહેશે, 'મમ્મી, તમારા વગર ગમતું નથી. જૉબ છોડી દો. ઘેર પાછા આવો.' પણ ના હકિકતમાં એ ન બન્યું. છેવટે દુઃખનું ઓસડ દહાડા. શૈલેષના નિધન પછી જે પરિસ્થિતિ હતી તેના કરતાં તો આજે ઘણું સારું છે. દિકરાના સુખ માટેજ ઘર છોડયું છે ને! કયાં કોઇ કલેશ-કંકાશ કે ઝઘડો થયો છે? શ્રદ્ધાએ કયાં ઘરની બહાર કાઢયા છે? બધાજ નિર્ણયો પોતાના છે. હજુપણ વગર બોલાવ્યે પોતે જાતે ઘરે જઇ શકે એમ હતું. પણ ના...

ધીમે ધીમે માનસિક વેદનામાંથી બહાર નીકળતા ગયા. ઘર બહારની પ્રવૃત્તિઓ વધવા માંડી. નજીકના મંદિરમાં સેવા આપવા માંડી. સંગીતનો શોખ ભજન દ્વારા પોસાતો ગયો. પોતાના પ્રોફેશનલ જ્ઞાન નો લાભ વાર્તાલાપ દ્વારા સમાજને આપવા માંડયો. લોકોના માન અને પ્રેમ મળતા રહ્યા. સિનિયર પ્રવૃત્તિઓ પણ વધતી રહી. ગાંભિર્યનું આવરણ ઉતરતું ગયું. સામાજીક સહકાર અને સદ્ભાવના મળતાં જીવન ફરી પાછું હર્યુ ભર્યુ થઇ ગયું. શ્રદ્ધા-શ્રીકાંત આવતા, ડિનર લેતા અને છૂટા પડતા. ન તો કોઇ પૂર્વગ્રહ, ન તો કોઇ અજંપો.

રિટાયર્ડ થયા પછી ટેનિસ રમવાનું શરૂ કર્યુ. ઇન્ડિયામાં કોલેજમાં હતા ત્યારે રમતા હતા. અત્યાર સુધી અવકાશ ન હતો. હવે અવકાશનો પ્રશ્ન ન્હોતો. અવારનવાર સિનિયર્સ સાથે એટલાંટીક સીટી આવતા. કેસિનોમાં રસ ન્હોતો. બોર્ડવોક પર ચાલતા ખુલ્લી હવાનો આસ્વાદ લેતા. જાણે ઉંમરમાંથી દશ વર્ષની બાદબાકી થઇ ગઇ. પ્રવૃત્તિનો ભરમારને કારણે દિવસના ચોવીસ કલાકો લાગવા માંડયા.

ત્યાંતો કૃપા વર્ષ...વર્ષો પહેલાની ઇચ્છા અચાનક ફળી. શ્રીકાંત અને શ્રદ્ધા બે દિવસ પહેલા આવ્યા ત્યારે શ્રીકાંતે કહ્યું 'મમ્મી હવે પાછા ઘેર આવી રહો. સૃજન પણ હવે 'ડૉર્મ'માં ગયો છે. ઘર સૂનું સૂનું લાગે છે. ગમતું નથી.'

શ્રદ્ધાએ કહ્યું, પહેલા તો જૉબનું કારણ હતું. હવે રિટાયર્ડ થયા પછી તમે એકલા રહો તેથી સમાજમાં અમારી ટીકા થાય છે.

સુલુબ્હેને કહ્યું, બેટા, અહીં મારો મોટો પથારો છે. ઘણું વિચારવું પડશે. આવતા મહિને સિનિયર્સ સાથે ક્રુઝનો પ્રોગ્રામ છે. ત્યાર પછી ઓસ્ટ્રેલીયાની ટૂર બુક કરી છે. ઘણું વિચારવું પડશે. રવિવારે તમે આવશો ત્યારે આપણે ફરી વાતો કરીશું.

આજે શનિવારે સુલુબ્હેને બસમાં એટલાંટિક સીટી આવ્યા હતા. બેન્ચ પર ૪૪-૪૫ મિનિટમાં એટલાજ વર્ષો સરી ગયા.

વધુ વિચારે તે પહેલા સેલફોન રણકયો. 'સુલુમાસી, કયાં છો? બસ ઉપડવાનો સમય થઇ ગયો છે. જલ્દી આવો.' સુલુમાસી યંત્રવત બસમાં બેઠા. શાંત હતા. આંખ બંધ કરીને બેઠા હતા. ભારે મનોમંથન ચાલતું હતું. દિકરા વહુ બંને તેમને લેવા આવ્યા હતા. પણ બંનેની ભાવના અલગ હતી. એકને માં વગર એકલવાયું લાગતું. પૂત્ર વગર એકલવાયું લાગતું અને બીજાને સામાજીક પ્રતિષ્ઠા સાચવવામાં રસ હતો. શું કરવું?

રવિવારે સવારે ઉઠયા. રાત દરમ્યાન નિર્ણય લેવાઇ ગયો. હૈયું હલકું થઇ ગયું. રસોઇની તૈયારી કરવા માંડી. ખાસતો શ્રદ્ધાને ભાવતી પૂરણપોળી, લીલા કોપરાની પેટીસ, જીરા રાઇસ અને પંજાબી કઢી. બધુંજ શ્રદ્ધાને ભાવતું તૈયાર થઇ ગયું.

મનનો ખળભળાટ શમી ગયો હતો. મન-હૃદય આત્મવિશ્વાસથી પ્રફુલ્લિત થઇ ગયું હતું.

શ્રદ્ધા અને શ્રીકાંત સાંજે આવ્યા. આડીતેડી વાતો કરી. સાથે ડિનર લીધું. સુલુબ્હેને, ખૂબજ આગ્રહથી શ્રદ્ધાને ભાવતી વાનગી પીરસી.

મમ્મી કયારે ઘરે આવવું છે? સામાન ખસેડવા 'મુવર'ની વ્યવસ્થા કરવી પડશે ને! શ્રીકાંતે પૂછ્યું.

થોડીક ક્ષણો નિઃશબ્દ પસાર થઇ.

ધીમે રહીને સુલુબ્હેને વાત શરૂ કરી...

જો બેટા તું ખૂબ જ ઘડાયેલો છે. એક માં તરિકે મને તારે માટે ખૂબજ ગૌરવ છે. મને કોઇ દીકરી નથી. શ્રદ્ધાજ મારી દીકરી છે. આપણે બધા એક હોવા છતાં આપણી જરૂરિયાતો જુદી જુદી છે. જો બેટા, રિટાયર્ડ થયા પછી મેં મને અનુકૂળ આવતી પ્રવૃત્તિમાં સમય પસાર કરવા માંડયો છે. ખૂબ મજા આવે છે.. અને હવે મને પણ સ્પેશની જરૂર છે.

વાતાવરણને ગંભીર થતાં અટકાવતા બોલ્યા....

અરે હાં, એક વાત કરવાની તો રહીજ ગઇ. આવતા વીકથી સ્વિમીંગ કલબમાં જવાની છું. સારી કસરત મળી રહેશે. આ ઉંમરે સ્વિમ કોસ્ચ્યુમ પહેરું તો વાંધો નથીને! હળવો અનઉત્તર રહ્યો.

શ્રદ્ધાએ ધીમે રહીને કહ્યું, તમો વડીલ છો. તમારો નિર્ણય અમને હંમેશા શિરોમાન્ય જ હોય છે. તમો આવશો તો શ્રીકાંતને ગમશે, પણ જેવી તમારી ઇચ્છા. શ્રીકાંત મૌન હતો.

કોન્ડોમાંથી બહાર નીકળ્યા પછી, શ્રદ્ધા દબાયેલા સાદે બોલતી સંભળાઇ, 'થેન્ક યુ શ્રીકાંત, લાગણીવેડામાં વધુ આગ્રહ ન કર્યો તે જ સારું કર્યુ. અમે બે સ્ત્રીઓ સાથે ન રહીએ એમાંજ તારું કલ્યાણ છે.' ■


## શ્રી દ્વારકાધીશ મંદિર

૭૧૭ વોશિંગ્ટન રોડ, પાર્લીન, ન્યૂજર્સી ૦૮૮૫૯
(૭૩૨) ૨૫૪-૦૦૬૧, ૦૧૬૦, ૦૬૬૮
ફેક્સ : (૭૩૨) ૩૯૦-૪૦૩૮

### દિપાવલી કાર્યક્રમ

| તહેવાર | | | વિગત | |
|---|---|---|---|---|
| રમા એકાદશી | બુધવાર<br>૧૪ ઓકટોબર | આસો વદ-૧૧<br>સંવત-૨૦૬૫ | દિપમાલીકા<br>બંગલામાં દર્શન | શયનમાં<br>સાંજે ૦૭-૦૦ |
| વાઘબારસ | ગુરૂવાર<br>૧૫ ઓકટોબર | આસો વદ-૧૨<br>સંવત-૨૦૬૫ | દિપમાલીકા<br>બંગલામાં દર્શન | શયનમાં<br>સાંજે ૦૭-૦૦ |
| ધનતેરસ | શુક્રવાર<br>૧૬ ઓકટોબર | આસો વદ-૧૩<br>સંવત-૨૦૬૫ | દિપમાલીકા<br>બંગલામાં દર્શન<br>લક્ષ્મીપૂજન :સ-૦૮-૦૭, ૧૨-૨૨<br>બપોરે-૦૧-૪૬, ૦૩-૧૯<br>સાંજે-૦૬-૦૬, રાત્રે ૧૦-૫૧ | શયનમાં<br>સાંજે ૦૭-૦૦ |
| રૂપચતુર્દશી<br>દિવાળી | શનિવાર<br>૧૭ ઓકટોબર | આસો વદ-૧૪<br>સંવત-૨૦૬૫ | મંગળા<br>સવારે-૦૬-૩૦<br>દિપમાલીકા-<br>હટડીનો મનોરથ<br>ચોપડાપૂજન : મંદિરમાં બપોરે-<br>૦૩-૦૦ થી ૦૪-૧૫ | શયનમાં<br>સાંજે ૦૭-૩૦ |
| બેસતું વર્ષ | રવિવાર<br>૧૮ ઓકટોબર | કારતક સુદ-૦૧<br>સં.૨૦૬૬ | મંગળા સવારે-૦૭-૦૦<br>બાકીના દર્શન નિયમ પ્રમાણે થશે. | |
| જાહેર અન્નકૂટ | શનિવાર<br>૨૪ ઓકટોબર | કારતક સુદ-૧૩<br>સં.૨૦૬૬ | શ્રી ગોવર્ધનપૂજા-સવારે ૧૧-૦૦<br>અન્નકૂટ દર્શન-બપોરે ૦૩-૦૦<br>મહાપ્રસાદ-સાંજે ૦૫-૦૦ | |

દિવાળીના દિવસો દરમ્યાન રોજ સાંજે મંદિરમાં આનંદ બજારનું આયોજન કરવામાં આવ્યું છે.
તથા મંદિરમાંથી ફટાકડા પ્રાપ્ત કરીને ફોડી શકાશે. બહારથી ફટાકડાં લાવવાની સખ્ત મનાઇ છે.
ફટાકડાનું આયોજન ફકત નાના બાળકોના આનંદ માટે કરવામાં આવે છે.
ચોપડા પૂજન માટે મંદિરમાં વેળાસર નામ નોંધાવવા વિનંતી છે.
(વધુ માહિતી માટે મંદિરના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.)